EDII

The Economic Times(Guj)

December 16, 2016
Page No. 2

# આશ્રય ફાઉન્ડેશનને સ્ટાર્ટઅપ નોડલ ઇન્સ્ટિટયુટ તરીકે માન્યતા

## સોશિયલ બિઝનેસ દ્વારા ₹100 કરોડના આશ્રય ફંડની સ્થાપના

ઇટી બ્યુરો
અમદાવાદ

ગુજરાત સરકારે ઇનોવેશન્સને પ્રોત્સાહન તથા વિસ્તરણ માટે અમદાવાદ સ્થિત ટેકનો સોશિયલ બિઝનેસ ઈન્ક્યુબેટર આશ્રય ફાઉન્ડેશનને નવતર પ્રકારની તથા સામાજીક સુસંગતતા ધરાવતી પ્રોડક્ટસ અને સર્વિસીસને સુસંગતતા ધરાવતી પ્રોડક્ટસ અને સર્વિસીસ દ્વારા નાણાંકીય અને સામાજીક સમાવેશિતાના ક્ષેત્રે પ્રદાનના હેતુથી નોડલ ઈન્સ્ટિટ્યુટ તરીકે માન્યતા આપી છે. આશ્રયને ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેશનલ સાયન્સ એન્ડ ટેકનોલોજી આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા ટેકનો બિઝનેસ ઈનક્યુબેટર તરીકે પણ માન્યતા મળી છે. સાથે સાથે ₹૧૦૦ કરોડના આશ્રય એન્ડોવમેન્ટ ફંડની સ્થાપના કરવામાં આવી છે, જે ઉદ્યોગસાહસિકોને મદદ કરશે.

૨૦૧૪માં સ્થપાયેલા ઈન્ક્યુબ વેન્ચર્સ પ્રા. લિમિટેડ અને સાથ લાઈવલીહુડ સર્વિસીસ આંત્રપ્રિન્યોર્શીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટટ્યુટ ઓફ ઈન્ડિયા અને નોલેજ પાર્ટનર તરીકે અશોકા ઈન્ડિયા સાથે મળીને આશ્રય ગુજરાતની સ્થાપના કરીઈ હતી. ગુજરાતની માન્ય નોડલ ઈન્સ્ટિટ્યુટ તરીકે ટેક્નો સોશ્યલ બિઝનેસ વેન્ચરની સ્થાપના, વૃધ્ધિ તથા વિસ્તરણને મેન્ટરીંગ, સીડીંગ તથા નાણાંકિય સહાયતામાં મદદરૂપ બનશે.



હાલમાં આશ્રય ૨૦ ઈનક્યુબેટીઝ દ્વારા ટેકનોલોજીકલ અને સોશિયલ એન્ટરપ્રાઈઝીઝનું પ્રતિનિધિત્વ કરે છે. આશ્રયના મેનેજીંગ ડિરેક્ટર રાજેન્દ્ર જોષીએ જણાવ્યું હતું કે "આશ્રય ખાતે અમે ટેકનોલોજીકલ અને સોશિયલ આંત્રપ્રિન્યોર્સ માટે સામાજીક સુસંગતતા ધરાવતા મોડેલ્સના સર્જનની કામગીરી કરીએ છીએ. અમારૂં ધ્યાન સામાજીક અને પર્યાવરણલક્ષી અસરો હાંસલ કરે તેવી બાયો ટેકનોલોજી, નૅનો ટેકનોલોજી, નાન-ડીસ્ટ્રીક્ટીવ, ટેસ્ટીંગ અને ડાયગ્નોસ્ટીક્સ તેમજ ઈન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન સંલગ્ન ટેકનોલોજીસ જેવા પરિવર્તનકારી ટેકનોલોજીના ક્ષેત્રોમાં કામ કરવાનું છે."

આશ્રયના ડિરેક્ટર મણિ ઐયરે જણાવ્યું હતું કે "સોશિયલ આંત્રપ્રિન્યોર નાણાંકીય ઉણપને પહોંચી વળે તે માટે આશ્રય દ્વારા આશ્રય એન્ડોવમેન્ટ ફંડની સ્થાપના કરવામાં આવી છે, જે ભંડોળની સતત ઉપલબ્ધ થાય તે પ્રકારે અને અપૂરતા ભંડોળ અથવા તો ભંડોળના અભાવે બંધ થતા ઈનોવેશનને ફંડીંગ થઈ શકે તે રીતે ડીઝાઈન કરવામાં આવ્યું છે. આશ્રય એન્ડોવમેન્ટ ફંડનું ભંડોળ હાઈ નેટવર્થ ધરાવતા વ્યક્તઓના દાન તથા જાહેર અને ખાનગી ક્ષેત્રની વિવિધ કોર્પોરેટ સામાજીક જવાબદારીમાંથી યોગદાન તેમજ ફંડીગ એજન્સીઓ વગેરેનો સહયોગ મેળવીને પ્રાપ્ત કરવામાં આવે છે."